# સૌની યોજનાના પ્રથમ તબક્કાનું લોકાર્પણ

**વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સૌની યોજનાનું લોકાર્પણ : સણોસરા નજીક આજી-૩ ડેમની સાઇડ પરથી સ્વિચ દ્વારા લોકાર્પણ : વર્તમાન ખર્ચ આંક ૩૩૧૦૦ કરોડ :૧૦.૨૩ લાખ એકર જમીનને સિંચાઈનો લાભ**

અમદાવાદ, તા. ૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે અતિ મહત્વકાંક્ષી સૌની (સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ ઈરિગેશન) યોજનાના પ્રથમ તબક્કાનું વિધિવતરીતે લોકાર્પણ કર્યું હતું. જામનગરના ધ્રોલ તાલુકામાં કેનાલ પાઈપ નહેરો તરીકેનું આયોજન કરવામાં આવ્યું છે. લીધે આવરી લેવામાં આવશે. નર્મદા અવતરણ સિચાઈ યોજનાની ડેમની સાઈટ પરથી યોજનાનુ લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ. હાજર રહ્યા હતા. સૌની યોજના એટલે કે સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ પાણી પહોંચાડવા માટે પાઈપ લાઈન નેટવર્ક સાથે સૌરાષ્ટ્રના ૧૧૫ બાંધને ગિરસોમનાથ જિલ્લાના ૧, બોટાદમાં ૩, જામનગર જિલ્લાના જળાશયોમાં નર્મદા નીરનો સંગ્રહ કરાશે. આ યોજના લીંક-૧ના ૧૦ જળાશયોમાં નર્મદા નીર પહોંચશે ત્યારે સૌરાષ્ટ્રમાં વ્યાપ્ત પાણીની તંગીની સમસ્યા હળવી થવાનું સપનું સાકાર થશ. સૌરાષ્ટ્રના ૧૦ જળાશયોમાં નર્મદા જળ છોડવાનો







પ્રોજેક્ટના પ્રથમ તબક્કાનું લોકાર્પણ કર્યા બાદ આને લઈને સૌરાષ્ટ્રની પાણીની સમસ્યા દૂર થાય તેવા સંકેત દેખાઈ રહ્યા છે. સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારોને આવરીલેતી ચાર લીંક શરૂઆતમાં આનો ખર્ચનો અંદાજ ૧૦૦૦૦ કરોડ હતો જે વર્તમાન ખર્ચનો અંદાજ ૩૩૧૦૦ કરોડ સુધી થયો છે. ૧૦.૨૩ લાખ એકર વિસ્તારને સિંચાઈની યોજનાથી આના લિન્ક-૧નુ પ્રથમ તબક્કાનુ કામ પૂર્ણ થયાબાદ મોદીના હસ્તે આજે સવારે યોજનાનુ લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ. મોદી દ્વારા સવારમાં પડધરીના સણોસરા નજીક આવેલા આજી-૩ લોકાર્પણ વિધિ કરવામાં આવી ત્યારે તેમની સાથે ગુજરાતના મુખ્યપ્રધાન વિજય રૂપાણી અને નાયબ મુખ્યપ્રધાન નિતિન પટેલ પણ રહ્યા હતા. પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણી પણ ઈરિગેશન યોજના છે. સૌરાષ્ટ્રમાં બંધને જોડતી આ યોજનાને ખૂબ ઉપયોગી ગણવામાં આવે છે. પાઈપ લાઈન નેટવર્ક સાથે સૌરાષ્ટ્રમાં બંધને જોડવામાં આવશે. એકંદરે નર્મદાનું જોડવામાં આવનાર છે. સૌની યોજનાની સમગ્ર કામગીરી આગામી ત્રણ વર્ષમાં પુરી કરવામાં આવશે. ચાર લીંક પાઈપ લાઈનથી રાજકોટ જિલ્લાના ૨૪, મોરબી જિલ્લાના ૬, ૨૪, જુનાગઢના ૧૩, પોરબંદર જિલ્લાના ૪, ભાવનગર જિલ્લાના ૧૧, અમરેલી જિલ્લાના ૧૨, દેવભૂમિ દ્વારકાના ૧૧, સુરેન્દ્રનગરના ૯ મળીને કુલ ૧૧૫ શુભારંભ થયો છે. નર્મદાના પુરના વધારાના પાણી પૈકી એક મીલીયન એકર ફીટ પાણી એટલે કે ૪૩,૫૬૦ મીલીયન ઘનફુટ પાણી સૌરાષ્ટ્ર વિસ્તારને ફાળવવામાં આવ્યું છે.

## પ્રધાનમંત્રીનું ગુજરાત આગમન છેતરામણું છે : શંકરસિંહ

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાતના પ્રવાસે આવેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું આ આગમન રાજકીય આગમન છે. સૌરાષ્ટ્રની પ્રજાને છેતરનારૂ આગમન છે તેવો આક્ષેપ વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ કર્યો હતો.

સૌરાષ્ટ્ર માટે સૌની યોજનાના લોકાર્પણ કાર્યક્રમ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ગુજરાતના પ્રવાસે આવ્યા હતા તેમના આ ગુજરાત આગમન અંગે આકરી પ્રતિક્રિયા આપતા વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતુ કે આજે સણોસરા ખાતે સૌની યોજનાના લોકાર્પણ કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જે ભાષણ કર્યું હતું તે વડાપ્રધાનના હોદ્દાને અનુરૂપ નહોતુ જુની બધી ઘસાયેલી ટેપ જેવું હતુ.

આજે ચાર લીંકો દ્વારા નર્મદાના પાણીથી સૌની યોજના દ્વારા જળાશયો ભરવાની જે વાતો કરી છે તે અંગે આકરા પ્રહાર કરતાં શંકરસિંહ વાઘેલાએ થોડા વર્ષો અગાઉ નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા અને નદીઓના જોડાણ માટે સરસ્વતી નદીમાં નર્મદાના પાણીનું અવતરણ કરાવ્યુ હતુ તેવું જ આ સૌની યોજનાનું મીલન હોવાનો આક્ષેપ કર્યો હતો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે સૌની યોજનાના લોકાર્પણ કાર્યક્રમમાં પોતાના વક્તવ્યમાં યુરીયા ખાતર ગેસ અંગે કરેલી વાતો અંગેની આકરી ટીકા કરતાં વિપક્ષી નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે ખેડૂતલક્ષી જે વાતો કરી છે તે ખોટી છે. ગુજરાતને ફાળવવામાં આવતા યુરીયા ખાતરમાં કેન્દ્ર દ્વારા ઘટાડો કરવામાં આવ્યા છે.

ગુજરાતમાં તેમણે રાજકીય અવતરણ કર્યું છે. દિલ્હીથી અંહી આવ્યા એ પ્રજાના કલ્યાણ માટે આવ્યા હોત તો સાચા અર્થમાં અવતરણ થયું હોત તો સારૂ થાત તેમ શંકરસિંહે જણાવ્યું હતું.

સૌની યોજનાના આ કાર્યક્રમ એક રાજકીય સ્ટંટ છે તેવો આક્ષેપ કરતાં શંકરસિંહે જણાવ્યું હતું કે આ યોજનાનું કામ પૂર્ણ થયું નથી એક જ ડેમમાં પાણી છોડતા બતાવાયુ છે. બાકીના ડેમમાં ક્યાંથી પાણી આવશે. સૌની યોજના કરી પરંતુ સૌથી વધુ પાણીની અછત વાળો કચ્છ જિલ્લો છે. આ કચ્છમાં કોઈની યોજના કરો એમ તેમણે જણાવ્યું હતું.

## ગુજરાતમાંથી જે કંઈ પણ શિખ્યો છું તેનો લાભ દેશની પ્રજાને આપીશ : મોદી

**સૌની યોજના જમીનમાંથી સોનુ પેદા કરશે : નરેન્દ્ર મોદી : કચ્છ સુધી નર્મદાના પાણી પહોંચી ગયા : કચ્છની કેસર કેરી વિદેશમાં નિકાસ થઇ રહી છે : ૧૧૫ ડેમમાં પાણી ભરાયા બાદ સમગ્ર સૌરાષ્ટ્રની કાયાપલટ**

અમદાવાદ, તા. ૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે મહત્વકાંક્ષી સૌની યોજનાના પ્રથમ તબક્કાનું લોકાર્પણ કર્યા બાદ સણોસરા ખાતે જાહેરસભાને સંબોધી હતી. આ જાહેરસભામાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. દેશના વડાપ્રધાન બન્યા બાદ પ્રથમ રેલીને સંબોધતા મોદીએ હળવી શૈલીમાં લોકોને પુછ્યું હતું કે, તમે મોકલ્યો હતો તેવો જ હજુ છું કે કેમ. ગુજરાતમાંથી જે કંઈપણ સિખ્યો તે દિલ્હીમાં કામ આવી રહ્યું છે. મોદીએ ગુજરાતીમાં લોકોને સંબોધ્યા હતા. મોદીએ તેમના સંબોધનમાં કહ્યું હતું કે, દિલ્હી જઈને ઘણું સિખવાનું મળ્યું છે. પહેલા ઘણું સમજવાનું હતું જેમાં સમય લાગ્યો હતો. હવે બરાબર આવડી ગયું છે. હવે કોઈની ફરિયાદ રહેશે નહીં. મોદીએ કહ્યું હતું કે, નાગરિકો, કાર્યકરો અને પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલની ફરિયાદ હતી કે હું ગુજરાત આવતો નથી. મોદીએ કેમ છો કહીને લોકોમાં હાસ્યની લહેર ફેલાવી દીધી હતી. નર્મદે સર્વ દેના ઘોષ સાથે મોદીએ ભાષણની શરૂઆત કરી હતી. તેમણે કહ્યું હતું કે, સૌની યોજના જમીનમાંથી સોનું પેદા કરશે. ફેબ્રુઆરી ૨૦૧૪માં કામ શરૂ થયું હતું. આનંદીબેનના કાર્યકાળમાં કામ આગળ વધ્યું હતું અને વિજયભાઈએ તેની દોર સંભાળી છે. પાણીને ઉપર ચઢાવવાની બાબત ટેકનિકલ અને એન્જિનિયરિંગેની સિદ્ધિ છે. કારણ કે કાઠિયાવાડ ઉંધી રકાબી જેવું છે. જસદણ અને ચોટિલા ઉપર આવે છે અને સૌરાષ્ટ્ર નીચેની બાજુએ આવે છે. તેમણે એણ પણ કહ્યું હતું કે, ડ્રીપ ઈરિગેશન, માઈક્રો ઈરિગેશનના કારણે પાણી બચવું જોઈએ. નદી પરિવર્તન લાવી શકે છે. હવે કચ્છ સુધી નર્મદાના પાણી પહોંચ્યા છે. કચ્છની કેસર કેરી વિદેશમાં નિકાસ થઈ રહી છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, ૧૧૫ ડેમ સૌરાષ્ટ્રની કાયાપલટ કરી નાંખશે. જમીન પહેલાની જ છે ખેડૂત પણ પહેલાના જ છે પરંતુ ઉત્પાદન હવે વધ્યું છે. કારણ કે પાણી પહોંચી રહ્યું છે.

## નરેન્દ્ર મોદી દેશના ભાગીરથ બન્યા છે : આનંદીબેન પટેલ

અમદાવાદ,તા. ૩૦

સૌની યોજનાનું આજે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી, પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે પણ પોતાના અભિપ્રાય રજૂ કર્યા હતા. સૌની યોજનાના લોકાર્પણ પ્રસંગે મુખ્યમંત્રી વિજય રૂપાણી સહિત ભાજપના દિગ્ગજ નેતાઓ સણોસરા પહોંચ્યા હતા. પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલે કહ્યું હતું કે, નરેન્દ્ર મોદી દેશના ભાગીરથ બન્યા છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, આ યોજના આપણા સૌનું સપનું હતું જ્યારે સૌની યોજના સાકાર કરવા માટે આનંદીબેને આનંદ વ્યક્ત કર્યો હતો. નીતીન પટેલે કહ્યું હતું કે, ગુજરાતના અને ખાસ કરીને સૌરાષ્ટ્રવાસીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ખેડૂતો માટે સિંચાઈનું પાણી ખુબ જ જરૂરી બની ગયું હતું. ભાજપના નેતાઓએ આ પ્રસંગે કોંગ્રેસ પાર્ટી ઉપર આકરા પ્રહારો કર્યા હતા. પોતાના સંબોધન પહેલા મોદીએ ટ્વિટર પર કહ્યું હતું કે, સૌની યોજનાથી ગુજરાતના લોકોનું કલ્યાણ થશે. મોદીના હસ્તે સ્વિચ મારફતે ડેમના ગેટ નંબર ૨,૩ અને ચારને ખોલવામાં આવ્યા હતા. ગુજરાત ભાજપના પ્રમુખ વાઘાણી પણ ઉપસ્થિત રહ્યા હતા.




### ખાસ સેમિનાર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સરકારની વિવિધ યોજનાઓની જાણકારી આવતા સ્ટોલ્સ પણ ઉભા કરવામાં આવશે.

મહાત્મા મંદિર ખાતે યોજાનાર આ મહિલા સેમિનારને પગલે તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. આ સેમિનારમાં મહિલાઓનું વિશેષ સન્માન કરવાનું પણ આયોજન હોવાના સંકેતો આપતાં તંત્રના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે પશુપાલનની જવાબદારી મહિલાઓના શિરે વધુ હોય છે અને તેમને થતી દૂધની આવક જેમને સૌથી વધુ મેળવી હશે તેવી મહિલાઓ તેમજ મહિલા દૂધ મંડળીઓને પુરસ્કૃત કરવામાં આવશે.

ગાંધીનગર ખાતે રાજ્યના કૃષિ વિભાગ દ્વારા આ અંગે તાબડતોબ તૈયારીઓ શરૂ કરાઈ છે. અહિ ત્રિદિવસીય પ્રદર્શનમાં પણ ખાસ આકર્ષણ થાય તેવા મબલખ ઉત્પાદન આપતા પાકનું પણ નિદર્શન કરવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે. આ ઉપરાંત બાગાયત ખેતીમાં જે રીતે ટીસ્યુ કલ્ચર વિકસી રહ્યુ છે તેના પણ સ્ટોલ્સ ઉભા કરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

### નવાં કલેવર

● ૪ પાનાનું ચાલુ...

ખ્વાજાને ઘરે 'મામુ.. મામુ..' ની બૂમ પાડતી હતી. તેમણે જોયું તો ખ્વાજાનું ઘર બંધ હતું. તાળું મારેલું હતું. તેમનો વહેમ પાકો થયો. 'સાલ્લો ક્યાંક ફરાર થઈ ગયો.' શિવશંકર પુરોહિત દ્વારા જાણવા મળ્યું કે ખ્વાજા તેની પત્નીને તેડવા સુલ્તાનપુર ગયો છે. તેમણે પુરોહિતને પુછ્યું, 'મહારાજ રાતે કોઈ છોકરી આને ઘેર આવેલી?' પુરોહિતે આખી ઘટના જણાવી અને કહ્યું, 'હાં એક છોકરી રાતે આવેલી. ખ્વાજા સુઈ ગયેલો તેને મેં જ ઝગાડ્યો હતો.'

ઈન્સ્પેકટરે કહ્યું, 'મહારાજ રાતે એ છોકરીનું ખૂન થઈ ગયું છે અને એમ લાગે છે કે તેને મારી ને ખ્વાજા ફરાર થઈ ગયો છે.'

'હરિ... હરિ... ખ્વાજા એ આ શું કર્યું. તે આવો લાગતો નહોતો. સીધો-સાદો અને સરળ હતો. ઘણા સમયથી મારા પાડોશમાં રહેતો હતો. કુટુંબ કબીલાવાળો છે. કેવો જમાનો આવ્યો છે. સાલ્લા એ મામા-ભાણીના સંબંધને બટ્ટો લગાડ્યો.' ઈન્સ્પેકટરે પુરોહિતનું નામ, સરનામું અને મોબાઈલ નંબર લખ્યા અને કહ્યું કે 'બોલાવીએ ત્યારે આવવું પડશે.' પુરોહિતે કરગરતાં કહ્યું, 'સાહેબ, હું તો કર્મકાંડ, પૂજાપાઠ કરું છું, મને આ લફરામાં કયા પાડો છો.' 'મહારાજ એમાં લફડા જેવું કંઈ નથી. જો તમારા જેવા નો સાથ સહકાર નહીં મળે તો ગુનેગારોને સજા કઈ રીતે થશે.' કહી ઈન્સ્પેકટર જતા રહ્યા. ઈન્સ્પેકટર તે વખતે જ ચાર સિપાઈઓને લઈ જીપથી સુલ્તાનપુર પહોંચી ગયા. જતાં જ તપાસ કરી ખ્વાજાને પકડી પાડ્યો. તે બાળબચ્ચાંને લઈ ત્યાંથી જવાનો હતો. તેને એમ નહોતું કે તે આટલો જલ્દી પકડાઈ જશે. ખ્વાજાએ પહેલાં તો ઈન્કાર કર્યો પણ કડક પૂછપરછ થતાં આખી વાત ઓકવી પડી. ગામ લોકો તેના પર થૂં... થૂં... કરવા લાગ્યા.

અંતમાં તેના પર છ વર્ષ કેસ ચાલ્યો અને તેને આજીવન કારાવાસની સજા થઈ. બધા સાક્ષી-પુરાવા તેની વિરુદ્ધમાં હતા. તેના ઘરની તપાસમાં સલમાનાં કપડાંની થેલી પણ તેના ઘરમાંથી મળી આળી. તેના સંબંધીઓ એ મને અને પુરોહિતને ફેરવવાના ઘણા પ્રયત્નો કર્યા. જાનથી મારી નાંખવાની ધમકીઓ પણ આપી. પણ અમારે જે કહેવાનું હતું તે અમે કોર્ટમાં કહી દીધું.



જૂના સેક્ટરોમાં વરસાદ - શહેરમાં મંગળવારની સાંજે ચર્ચાસ્પદ સંયોગ રચાયો હતો... શહેરના જુના સેક્ટરોમાં ધોધમાર વરસાદ પડતો હતો ત્યારે નવા સેક્ટરોમાં કોરુધાકોર... આવા સંયોગના દશ્યો વૉટ્સએપ પર વાઈરલ થયા હતા... અને ઠેર ઠેર વરસાદની વિસંવાદિતાની ચર્ચાઓ થતી હતી...

## ચૂંટણી આવે ત્યારે યોજના યાદ આવે છે : શક્તિસિંહ

અમદાવાદ, તા.૩૦

સૌની યોજનાએ સહુની નથી પરંતુ ભાજપની મતદારોને ગુમરાહ કરવા માટે નાટકની અને ભ્રષ્ટાચારની છે. જ્યારે જ્યારે ચૂંટણી આવે છે ત્યારે ત્યારે નર્મદાના નીરથી ગુજરાતના ડેમો ભરી દેવાની, નદીઓના લિન્કેજ કરી દેવાની જાહેરાતો નરેન્દ્ર મોદી કરે છે. પરંતુ ચૂંટણી પૂર્ણ થયે વાયદાઓ માત્ર વાયદાઓ જ રહે છે. ગુજરાતમાં ભાજપે જનઆધાર ગુમાવી દીધો છે માટે ૨૦૧૭ની ચૂંટણી ધ્યાને રાખીને વડાપ્રધાન મોદી ગુજરાતના રાજકોટ જીલ્લા ખાતે આજે ફરી એક વખત સૌની યોજના દ્વારા નર્મદાના નીરથી સૌરાષ્ટ્રના ૧૧૫ ડેમો ભરાશે તેવું નાટક કરવા માટે ગુજરાત આવ્યા છે તેમ કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવકતા શક્તિસિંહ ગોહિલે જણાવ્યુંહતું. પંદર વર્ષ પહેલા નર્મદાનું ૩ મીલીયન એકર ફીટ વધારનું પાણી ઉપલબ્ધ છે તેમાંથી એક મીલીયન એકર પીટ સૌરાષ્ટ્ર, એક મીલીયન એકર ફીટ ઉત્તર ગુજરાત અને એક મીલીયન એકર ફીટ કચ્છના ડેમો તથા નદીઓના લિન્કેજ માટે આપવાની જાહેરાત થઈ હતી. સતત પંદર વર્ષ ભાજપની સરકાર રહી અને આ કામ માટે કોઈની પણ મંજુરી કે ડેમના દરવાજા બંધ કરવાની જરૂર ન હતી છતાં આ કામ પૂર્ણ થયું નથી અને માત્ર ચૂંટણી સમયે જાહેરાતો જ થાય છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત
વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

## ગુરૂવારે આકાશમાં કંકણાકૃતિ સૂર્યગ્રહણનો અદ્ભૂત નજારો દેખાશે

ગાંધીનગર, તા. ૩૦

દુનિયાના દેશો અને અમુક પ્રદેશોમાં આગામી ૧લી સપ્ટેમ્બર ગુરૂવારે અમુક દેશો-પ્રદેશોમાં કંકણાકૃતિ અને ખંડગ્રાસ સૂર્યગ્રહણનો અદ્ભૂત અવકાશી નજારો જોવા મળવાનો છે. જ્યારે સૂર્યગ્રહણ ભારતમાં દેખાશે નહિ. આ ગ્રહણ મધ્ય આફ્રિકામાંથી શરૂ થઈ, દક્ષિણ તરફથી માડાગાસ્કરમાં પુરૂ થવાનું છે. અવકાશી નજારો પોણા છ કલાક અદ્ભુત જોવા મળવાનો છે. મધ્ય આફ્રિકામાં વિશ્વના વૈજ્ઞાનિકોએ પોતાના પડાવની જગ્યા નિશ્ચિત કરી દીધી છે. ભારતમાં સદીઓથી ચાલી આવતી ગ્રહણ સંબંધી માન્યતાઓ, પરંપરાઓ, વૈદ્યાદિ નિયમો અવૈજ્ઞાનિક છે. રાજ્યમાં ગ્રહણ સંબંધી વૈજ્ઞાનિક સમજ લોકોને ભારત જન વિજ્ઞાન જાથાની રાજ્ય કચેરી આપશે.

સંવત ૨૦૭૨ના શ્રાવણ વદ અમાસ ગુરૂવાર તા. ૧લી સપ્ટેમ્બર સિંહ રાશિ પૂ. ફાલ્ગુન નક્ષત્રમાં થનાર કંકણાકૃતિ અને ખંડગ્રાસ સૂર્યગ્રહણ ભારતમાં દેખાશે નહિ. જ્યારે દક્ષિણ તરફથી માડાગાસ્કરમાં પુરૂ થવાનું છે. તેમાં ૫ કલાક ૪૮ મિનિટનો ગ્રહણનો અવકાશી નજારો જોવા મળવાનો છે. કંકણાકૃતિ ગ્રહણ એટલાન્ટિક મહાસાગર, માડાગાસ્કર, મધ્ય આફ્રિકા અને તેના અમુક પ્રદેશના ભાગમાં તથા હિંદ મહાસાગરમાં ખંડગ્રાસ સૂર્યગ્રહણનો નજારો જોવા મળવાનો છે.

ભૂમંડલે ગ્રહણ સ્પર્શ ભારતના સમય મુજબ ગ્રહણ સ્પર્શ ૧૧ કલાક ૪૨ મિનિટ ૫૫ સેકન્ડ, ગ્રહણ સંમીલન ૧૨ કલાક ૪૭ મિનિટ ૩૭ સેકન્ડ, ગ્રહમ મધ્ય ૧૪ કલાક ૩૬ મિનિટ ૪૦ સેકન્ડ, ગ્રહણ ઉન્મીલન ૧૬ કલાક ૨૫ મિનિટ ૩૭ સેકન્ડ, ગ્રહણ મોક્ષ ૧૭ કલાક ૩૦ મિનિટ ૨૮ સેકન્ડ, ગ્રહણ પરમગ્રાસ ૦.૯૭૪ અને મધ્ય સ્તંભન ૦૩ મિનિટ ૦૬ સેકન્ડ રહેશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA
STEEL • PIPES • SHEETS
VINAYAK 500
TMT BARS - ISI
જગદીશ
સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર,
કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન)
ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા,
સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર
તથા બિલ્ડીંગ મટીરીયલ્સ